અપીલ અરજી નં.૪૧૨ તા.૨૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૮–૨–૧૧ની અરજીથી (૧) સેન્ટ્રલઝોન સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ કુલ મકાનોની સંખ્યા (૨) કાચા મકાન કેટલા? બહુમાળી મકાન કેટલા? (૩) કુલ મકાનો પૈકી રહેણાંક મકાન કેટલા? બિઝનેશ ઉદ્યોગ,લઘુઉદ્યોગ માટે વપરાતા હોય એવા મકાનોની સંખ્યા વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૨/૨૦૧૦–૧૧

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૮–૨–૧૧ની અરજીથી (૧) સેન્ટ્રલઝોન સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ કુલ મકાનોની સંખ્યા (૨) કાચા મકાન કેટલા? બહુમાળી મકાન કેટલા? (૩) કુલ મકાનો પૈકી રહેણાંક મકાન કેટલા? બિઝનેશ ઉદ્યોગ,લઘુઉદ્યોગ માટે વપરાતા હોય એવા મકાનોની સંખ્યા વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૭ તા.૩૦–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૨–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોનમાં સમાવિષ્ટ વિસ્તારની મકાનો બાબતેની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) સેન્ટ્રલઝોન સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ કુલ મકાનોની સંખ્યા (૨) કાચા મકાન કેટલા? બહુમાળી મકાન કેટલા? (૩) કુલ મકાનો પૈકી રહેણાંક મકાન કેટલા? બિઝનેશ ઉદ્યોગ,લઘુ ઉદ્યોગ માટે વપરાતા હોય એવા મકાનોની સંખ્યા. (૪) રહેણાંક માટેની પરવાનગી હોય અને આ મકાનોમાં ઉદ્યોગ –લઘુ ઉદ્યોગ વેપાર વાણીજયની સંસ્થા ચાલતી હોય તેવા મકાનોની સંખ્યા. (૫) ઉપરોકત માહિતી . માહિતી એક ત્રી કરવાની તૈયાર કરવાની જવાબદારી સંભાળતા વિભાગ અધિકારીઓના નામ કચેરીનું સરનામુ વગેરેની માહિતી . (૬) જનહિત લોકોના આરોગ્ય, રહેણાંકના મુળભુત અધિકાર સંબધ આ કાર્યવાહી કરવી આવશ્યક છે તેમ છતાં લોકોના આરોગ્ય જિંદગી સલામતીની અનદેખી કરી આવી માહિતી સરકારી રેકર્ડ ઉપર હાથવગી ન રાખી હોય તો આવા સંજોગોમાં કયા કયા વિભાગમાં કયા કાનુન હેઠળ કાર્યવાહી કરી શકાય એની માહિતી. (૭) ઉપરોકત માહિતી કચેરીમાં ઉપલબ્ધ ન હોય તો કયારે ગુમ થઈ? કયારે ચોરાય ગઈ? કયા વિભાગમાંથી ગુમ થઈ તેની માહિતી અને આ સબંધી કોઈ કાનૂની કાર્યવાહી રીપોર્ટ, દર્જ કરાયો હોય તો તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ. (૮) રહેણાંક મકાનોમાં ચાલતા ઉદ્યોગ –લઘુ ઉદ્યોગ વાણીજય સંસ્થાઓ ચલાવતાં મકાનોના માલિક ભાડુત–પાવરદાર– કબ્જેદાર સામે કેટલી કાર્યવાહીની છેલ્લા પાંચ વર્ષની તમામ દસ્તાવેજ સાથેની માહિતી. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૦૮ તા.૧૫–૩–૧૧ થી તમામઝોનના કાર્યપાલક ઈજનેરને તબદીલ કરવામાં આવેલ. અરજદારની માંગણી ફકત સેન્ટ્રલઝોન પૂરતી હોવાનું જણાવેલ છે. જે અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોને પૂરી પાડવાની રહે. જે બાબતની માહિતી નહીં મળતાં અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેમજ કોઈ પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને દફતરી હકીકત અનુસારની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,